# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને મોટા સપના જોવા અને વિશ્વનું નેતૃત્વ કરવા હાકલ કરી.**

2) **ગૃહમંત્રી અમિત શાહે 2029 સુધીમાં ભારતને નશામુક્ત બનાવવા માટે ત્રણ વર્ષનો રોડમેપ જાહેર કર્યો.**

3) **ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે શિક્ષણનો ઉદ્દેશ્ય ફક્ત રોજગાર નહીં, પણ જવાબદાર નાગરિકોને તૈયાર કરવાનો હોવો જોઈએ.**

4) **નવી દિલ્હીમાં બહુમાળી ઇમારત ધરાશાયી; કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગોવા મુલાકાત રદ કરી દિલ્હી પરત ફર્યા.**

5) **બિહારના વિવિધ ભાગોમાં પૂરના કારણે સામાન્ય જનજીવન અસરગ્રસ્ત ; ગંગા સહિત અનેક મુખ્ય નદીઓ ભયજનક સપાટીથી ઉપર.**

6) **બેડમિન્ટનમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડીએ ચાઇના માસ્ટર્સમાં પુરુષોની ડબલ્સનો ખિતાબ જીત્યો.**

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM – SRCC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને મોટા સપના જોવા અને વિશ્વનું નેતૃત્વ કરવા હાકલ કરી છે. તેઓ ગઈકાલે દિલ્હી યુનિવર્સિટીના શ્રી રામ કોલેજ ઓફ કોમર્સના શતાબ્દી સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે જો ભારતીયો વિશ્વની સૌથી મોટી કંપનીઓનું પ્રતિનિધિત્વ કરી શકે છે, તો ભારતીય કંપનીઓ પણ વિશ્વનું નેતૃત્વ કરી શકે છે. તેમણે યુવાનોને યુનિકોર્ન બનાવવા, ડ્રોન ટેકનોલોજીમાં નવીનતા લાવવા અને કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં આગળ વધવા વિનંતી કરી.

**(BYTE : PM-GLOBAL)**

*("भारत की ग्लोबल कंसल्टिंग फर्म्स क्यों नहीं हो सकती? हमारी अकाउंटिंग फर्म्स, हमारी लीगल फर्म्स, हमारी फाइनेंशियल फर्म्स यह सब ग्लोबल लीडर्स क्यों नहीं बन सकती? हम गर्व से कहते हैं कि आज भारतीय दुनिया की टॉप कंपनीज को लीड कर रहे हैं। अगर भारतीय दुनिया की टॉप कंपनियों को लीड कर रहे हैं तो भारतीयों की बनाई कंपनियां दुनिया को क्यों लीड ना करें?")*

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે વિશ્વ ભારતના ઝડપી આર્થિક વિકાસ અને નીતિગત ફેરફારોની પ્રશંસા કરી રહ્યું છે. તેમણે કહ્યું કે વૈશ્વિક પડકારો વચ્ચે ભારતનો 7.8 ટકાનો ત્રિમાસિક આર્થિક વિકાસ દેશની ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે.

# AMIT-SHAH-GOA-VISIT

ગૃહમંત્રી અમિત શાહે 2029 સુધીમાં ભારતને નશામુક્ત બનાવવા માટે ત્રણ વર્ષનો રોડમેપ જાહેર કર્યો છે. તેમણે નશા સામે રાષ્ટ્રવ્યાપી, સંકલિત ઝુંબેશ ચલાવવાનું આહ્વાન કર્યું છે. ગોવામાં, ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે 2019 થી, સરકારે માદક દ્રવ્યોની હેરફેર સામે લડવા, ગુપ્ત માહિતી શેર કરવા, નાણાકીય ગુનાઓની તપાસ કરવા અને લોકોના પુનર્વસન માટે પગલાં મજબૂત બનાવ્યા છે.

**(BYTE : AMIT SHAH)**

*("2029 तक भारत को नशा मुक्त बनाने में एक रोड मैप बनाया है। 26 से 29 को हमने मिशन मोड़ अवधि के रूप में चिन्हित किया है। समय सीमाएं तय की है। चार स्तंभों पर हमारा रोड मैप विजन डॉक्यूमेंट है। एक इंटेलिजेंस और ऑपरेशन आधारित फोर्समेंट, दूसरा प्री-कर्सर और सिंथेटिक ड्रग पर नियंत्रण, तीसरा डिमांड और हार्म रिडक्शन और चौथा क्षमता निर्माण और समन्वय।")*

2014 થી 2024 ની વચ્ચે, 1 કરોડ 19 લાખ કિલોગ્રામથી વધુ માદક દ્રવ્યો જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત આશરે 1 લાખ 89 હજાર કરોડ છે. સરકારે આગામી ત્રણ વર્ષમાં 100 આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય ડ્રગ નેટવર્કને તોડી પાડવા, 100 નશા સંબંધિત ભાગેડુઓને પરત લાવવા અને 100 ગેરકાયદેસર ડ્રગ લેબનો નાશ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

# VP-GOLDEN-JUBILEE

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું છે કે શિક્ષણનો ઉદ્દેશ્ય ફક્ત રોજગાર માટે તૈયાર કરવાનો જ નહીં, પણ જવાબદાર નાગરિકોને તૈયાર કરવાનો પણ હોવો જોઈએ.

ગુવાહાટીમાં ગીતાનગર કોલેજના સુવર્ણ જયંતિ સમારોહને સંબોધતા તેમણે કહ્યું કે દેશની પ્રગતિ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંશોધન અને ચારિત્ર્ય નિર્માણ જરૂરી છે. ઉપરાષ્ટ્રપતિએ ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની વધતી ભાગીદારીને "મહિલા શક્તિ"નું પ્રતીક ગણાવ્યું. શ્રી રાધાકૃષ્ણન આજથી આસામની બે દિવસની મુલાકાતે છે.

# SAUDI-ARABIA-KIRTI-VARDHAN-SINGH

વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહ ગઈકાલે સાઉદી અરેબિયાની સત્તાવાર દ્વિપક્ષીય મુલાકાતે રિયાધ પહોંચ્યા હતા. માનવ સંસાધન અને સામાજિક વિકાસ મંત્રાલયમાં સાઉદી અરેબિયાના આંતરરાષ્ટ્રીય બાબતોના નાયબ મંત્રી ડૉ. તારિક અલ હમાદે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મંગળવાર સુધી ચાલનાર તેમની મુલાકાત દરમિયાન, શ્રી સિંહ માનવ સંસાધન, કૌશલ્ય વિકાસ, પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને આંતરરાષ્ટ્રીય બાબતો પર વરિષ્ઠ સાઉદી અધિકારીઓ સાથે ચર્ચા કરશે.

# MEA

વિદેશ મંત્રાલયે સમાન ક્ષેત્રના વિશ્વ નકશા પર ભારતની સ્થિતિ સ્પષ્ટ કરી છે. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સમાન ક્ષેત્રના નકશા પરના ઠરાવની તરફેણમાં મતદાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ સહિત ભારતના સાર્વભૌમ પ્રદેશોને ભારતના સત્તાવાર નકશા મુજબ દર્શાવવા જોઈએ. ભારત કોઈપણ અચોક્કસ અથવા ભ્રામક ચિત્રણ સ્વીકારશે નહીં. શ્રી જયસ્વાલે કહ્યું હતું કે ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર સરકારનું વલણ સ્પષ્ટ અને મક્કમ છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# DELHI-BUILDING-COLLAPSE

નવી દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં આજે એક બહુમાળી ઇમારત ધરાશાયી થઈ ગઈ. ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ- એઈમ્સ નવી દિલ્હીના જણાવ્યા અનુસાર, ચાર લોકોને સારવાર માટે ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા. જેમાંથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, બે વ્યક્તિની હાલત ગંભીર છે અને એકને રજા આપવામાં આવી છે.

દરમિયાન, દિલ્હી પોલીસે કહ્યું છે કે અત્યાર સુધીમાં છ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. દિલ્હી અગ્નિશમને ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય માટે 18 અગ્નિશમન વાહનો તૈનાત કર્યા છે.

દિલ્હીના ઉપરાજ્યપાલ તરનજીત સિંહ સંધુએ દિલ્હી પોલીસ, દિલ્હી ફાયર સર્વિસ અને દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સહિત તમામ સંબંધિત એજન્સીઓને ઝડપી બચાવ પ્રયાસો સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ સંકલનમાં કામ કરવા નિર્દેશ આપ્યો છે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ તમામ સંબંધિત એજન્સીઓને સંકલન જાળવવા અને ઝડપી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

# REV-SHAH-GOA-VISIT-CALLED-OFF

દિલ્હીના સત્ય નિકેતન ખાતે બહુમાળી પીજી આવાસ ઇમારત ધરાશાયી થયા બાદ ગૃહમંત્રી અમિત શાહ તેમની નિર્ધારિત મુલાકાતના એક દિવસ પહેલા ગોવાથી દિલ્હી જવા રવાના થયા છે.

શ્રી શાહ ગઈકાલે ગોવા પહોંચ્યા હતા. આજે, તેમણે ગૃહ મંત્રાલયની બેઠકમાં હાજરી આપી હતી. દિલ્હીની ઘટનાને ધ્યાનમાં રાખીને ગોવા ભાજપ મુખ્યાલયની તેમની નિર્ધારિત મુલાકાત રદ કરવામાં આવી હતી.

# SHAH-DELHI-BUILDING-COLLAPSE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ઇમારત ધરાશાયી થવાની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી શાહે કહ્યું કે તેમણે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, દિલ્હી પોલીસ કમિશનર અને NDRFના ડિરેક્ટર જનરલ સાથે વાત કરી છે અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો છે. ગૃહમંત્રીએ ઉમેર્યું કે સ્થાનિક વહીવટીતંત્ર અને NDRF નજીકના સંકલનમાં સઘન બચાવ કામગીરી ચલાવી રહ્યા છે અને ઈજાગ્રસ્તોને તમામ જરૂરી તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે તમામ ઈજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરી.

# BRICS SUMMIT PREPRATION

**નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટની તૈયારીઓ ઝડપી બની છે. આ ખાસ સમિટ 12 અને 13 સપ્ટેમ્બરે ભારત મંડપમ ખાતે યોજાશે. સુરક્ષા તૈયારીઓના ભાગ રૂપે, દિલ્હી પોલીસે આજે સવારે રિહર્સલ કર્યું અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી. સાંભળીએ એક અહેવાલ..**

## (VC: AJAY INDREKAR)

*(બ્રિક્સ સમિટને ધ્યાનમાં રાખીને NDMC વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, યમુના નદી કિનારે સુરક્ષા પગલાંની પણ સમીક્ષા કરવામાં આવી છે. 18મી બ્રિક્સ સમિટમાં બ્રિક્સ સભ્ય અને ભાગીદાર દેશોના નેતાઓ, આઉટરીચ દેશો અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓ એકઠા થશે.*

*બ્રિક્સ સમિટની સાથે સાથે ઈ-BRICS સમિટ પણ યોજાશે. આ કાર્યક્રમમાં નાણામંત્રીઓ અને 500 થી વધુ સંસ્થાકીય રોકાણકારો અને ઉદ્યોગપતિઓ હાજર રહેશે. ઈ-BRICS નો ઉદ્દેશ્ય વૈશ્વિક માળખાગત સુવિધાઓ, ઊર્જા અને ડિજિટલ ક્ષમતા પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે 21 બ્રિક્સ સભ્ય અને ભાગીદાર દેશો વચ્ચે સાર્વભૌમ મૂડી એકત્ર કરવાનો છે.*

*સકલૈન અખ્તર સમર્થ સાથે અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

# BIHAR FLOOD

બિહારના વિવિધ ભાગોમાં પૂરના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. ગંગા, ગંડક અને કોસી સહિત અનેક મુખ્ય નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.

ગંગાના વધતા જળસ્તરને ધ્યાનમાં રાખીને, નીચાણવાળા વિસ્તારોમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પટનાના વિવિધ ઘાટ પર નદીનું પાણીનું સ્તર ઉચ્ચતમ પૂર સ્તરને વટાવી ગયું છે.

જળ સંસાધન વિભાગે બેગુસરાય, લખીસરાય, મુંગેર, ભાગલપુર અને કટિહાર જિલ્લાઓના ગંગા કિનારાના વિસ્તારોમાં પાણીના સ્તર, પાળા અને સંવેદનશીલ સ્થળોનું સતત નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# REV-BADMINTON-CHINA-MASTERS

બેડમિન્ટનમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડીએ આજે શેનઝેનમાં ચાઇના માસ્ટર્સમાં પુરુષોની ડબલ્સનો ખિતાબ જીત્યો. ભારતીય જોડીએ ફાઇનલ મુકાબલામાં ચીનના હી જી ટિંગ અને રેન ઝિયાંગ યુને 11-21, 21-13, 21-17 થી હરાવીને ચાઇના માસ્ટર્સમાં ભારતનો પ્રથમ ખિતાબ જીત્યો.